# India participates at the third G20 Sherpa meeting in Yogyakarta, Indonesia

# ભારત ઈન્ડોનેશિયાનાં યોગ્યાકાર્તા તૃતિય G20 મીટિંગમાં ભાગ લે છે

30 સપ્ટેમ્બર, 2022

યોગ્યાકાર્તામાં 26-29 સપ્ટેમ્બર 2022 નાં રોજ યોજાયેલી ઈન્ડોનેશિયાની G20 અધ્યક્ષતામાં તૃતિય G20 શેરપા મીટિંગમાં ભારતનાં G20 શેરપા શ્રી અમિતાભ કાંત દ્વારા ભારતીય અધિકૃત પ્રતિનિધિ મંડળની આગેવાની કરવામાં આવી હતી. ઈન્ડોનેશિયાની અધ્યક્ષતામાં પ્રથમ શેરપા મીટિંગ ડીસેમ્બર 2021 માં અને દ્વિતિય જુલાઈ 2022 માં યોજવામાં આવી હતી.

આ વિચારણાઓ દરમિયાન, શ્રી અમિતાભ કાંતે નવેમ્બર 2022 માં આગામી G20 બાલી શિખર સંમેલન માટેનાં અર્થપૂર્ણ પરિણામોને અંતિમ સ્વરૂપ આપવા માટેનાં ઈન્ડોનેશિયન અધ્યક્ષતાનાં પ્રયાસો તરફ ભારતની પ્રતિબદ્ધતા અને સક્રિય સમર્થનની પુનઃપુષ્ટિ કરી હતી. તેઓએ ટકાઉ વૃદ્ધિ, SDGs પર પ્રવેગિત ગતિ, લાઈફસ્ટાઈલ ફૉર એન્વાયરોનમેન્ટ (LiFE) મારફત આબોહવાનાં ફેરફારનું નિરાકરણ, ટેક-સક્ષમ વિકાસ અને ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, બહુપક્ષીયતાનાં સુધારાઓ અને સ્ત્રીઓનું સશક્તિકરણ જેવા મહત્વપૂર્ણ પ્રાથમિકતાનાં ક્ષેત્રોમાં આંતરરાષ્ટ્રિય સહકારો અને પ્રયાસો પર વધારે વૈશ્વિક ધ્યાન કેન્દ્રિત કરવા અને મજબૂત કરવા માટે G20 માટેની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો.

G20 શેરપા મીટિંગનાં અવકાશોમાં, શ્રી અમિતાભ કાંત દ્વારા બ્રાઝિલ, ફ્રાન્સ, જર્મની, રશિયા, સાઉદી અરેબિયા, દક્ષિણ કોરીયા, સ્પેન, યુકે અને યુએસએ માંથી આવેલા તેઓનાં મુલાકાત લઈ રહેલા સમતુલ્યો સાથે દ્વિપક્ષીય સંવાદો પણ યોજવામાં આવ્યા હતા.

G20 નાં સંદર્ભમાં પ્રવર્તમાન ભૂરાજકીય પરિસ્થિતી પરની ચર્ચાઓ દરમિયાન, શ્રી અમિતાભ કાંત દ્વારા 16 સપ્ટેમ્બરનાં રોજનાં તાજેતરનાં વડાપ્રધાન મોદીનાં વિધાન પર પ્રકાશ પાડ્યો હતો કે, "આજનો યુગ યુદ્ધનો યુગ નથી....રાજદ્વારિતા અને સંવાદ વિશ્વને સ્પર્શ કરતી બાબતો છે".

ભારતની રચનાત્મકતાઓએ G20 વિચારણાઓમાં વધારે સકારાત્મકતા અને દૂરદર્શિતાનો સંચાર કર્યો છે, જે પ્રવર્તમાન વૈશ્વિક પડકારોનું અસરકારક રીતે સંયુક્ત નિરાકરણ વધારે મજબૂત બનાવે છે.

**નવી દિલ્હી**
**30 સપ્ટેમ્બર, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.